## -:: વેચાણ દસ્તાવેજ ::-

શ્રી ગુજરાત રાજયના જૂનાગઢ જીલ્લાના જૂનાગઢ તાલુકાના શહેર જૂનાગઢ મહાનગરપાલીકા હદમાં ગામમોજે **ટીંબાવાડી** ગામ તરીકે ઓળખાતા વિસ્તારના રેવન્યુ સરવે નંબર-૫૯/પી.૧/પી.૧ તથા સરવે નંબર-૫૯/પી.૩/પી.૧ તથા સરવે નંબર-૫૯/પી.૪/પી.૧ મળી કુલ હે. ૧-૨૬-૪૭ ચો.મી. નાં એકર ૩-૦૫ ગુંઠાના ક્ષેત્રફળ વાળી જમીન કે જે રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવાયેલ છે, અને તે "અક્ષર રેસીડેન્સી-૧" નામે ઓળખાતી બીનખેતી થયેલ જમીનનાં લે-આઉટ પ્લાનમાં જણાવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર-૭, ચો.મીટર ૩૭૦-૯૮ આ. તેમજ **ટીંબાવાડી** ગામના રેવન્યુ સરવે નંબર-૫૯/પી.૧ તથા સરવે નંબર-૫૯/પી.૩ તથા સરવે નંબર-૫૯/પી.૪ મળી કુલ હે. ૧-૨૬-૪૫ ચો.મી. નાં એકર ૩-૦૫ ગુંઠાના ક્ષેત્રફળ વાળી જમીન કે જે રહેણાંકના હેતુ માટે બીનખેતીમાં ફેરવાયેલ છે, અને તે "અક્ષર રેસીડેન્સી-૨" નામે ઓળખાતી બીનખેતી થયેલ જમીનનાં લે-આઉટ પ્લાનમાં જણાવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર-૧, ચો.મીટર ૧૮૫-૬૪ આ. મળી કુલ ચો.મીટર ૫૫૬-૬૨ આ. ના ક્ષેત્રફળ ધરાવતી જમીન ઉપર બાંધકામ થયેલ **"શ્રીલાભ"** તરીકે ઓળખાય છે, તેમાં ........... આવેલ ફલેટ નંબર-........, બીલ્ટઅપ એરીયા ક્ષેત્રફળ ચો.મીટર ......... આ., કારપેટ એરીયા ક્ષેત્રફળ ચો.મીટર .......... આ. ની બાંધકામ વાળી મીલ્કતનું કુલ રૂા. .............../- અંકે રુપીયા ................... .......................પુરામાં વેચાણ દસ્તાવેજ...

---

**એક તરફવાળા (વેંચાણ આપનાર) ::-**

એ. કે. કન્સ્ટ્રકશન નામથી ચાલતી ભાગીદારી પેઢી વતી તેના ભાગીદારો...

(૧) શ્રી કાન્તીલાલ ગોકળદાસ પટેલ, ઉ.વ.આ. ૬૮, ધંધો વેપાર,

(૨) શ્રી મુક્તાબેન કાન્તીલાલ પટેલ, ઉ.વ.આ. ૬૫, ધંધો વેપાર,

(૩) શ્રી આશીષકુમાર કાન્તીલાલ પટેલ, ઉ.વ.આ. ૩૯, ધંધો વેપાર,

(૪) શ્રી મધુબેન આશીષભાઈ પટેલ, ઉ.વ.આ. ૩૯, ધંધો વેપાર,

બધા રહે. બી/૩૦૪, ચાણકય એપાર્ટમેન્ટ, દ્વારકાધીશ માર્કેટ પાછળ, નહેરૂપાર્ક, જૂનાગઢ. પેઢીના આઇ.ટી. પાન નંબર-ABBFA5234E

નંબર-૩ જાતે તથા નંબર-૧, ૨ તથા ૪ ના કુલ મુખત્યાર દરજજે....

જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "અમો" "એક તરફ વાળા" અગર "વેંચાણ આપનાર", એ રીતે સંબોધવામાં આવેલ છે, જેના અર્થમાં સદરહુ "વેંચાણ આપનાર" ભાગીદારી પેઢી તથા તેના હાલના અને વખતો વખતના ભાગીદારો, વહીવટકર્તાઓ, એજન્ટો, ટ્રાન્સફરીઓ, સકસેસરો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

A. K. CONSTRUCTION.

PARTNER.

Scanned by CamScanner

***બીજી તરફવાળા (વેચાણ રાખનાર) ::-***

(૧) શ્રી ..........................................., ઉ.વ.આ. ...., ધંધો ......., રહે. .......................................

(૨) શ્રી ..........................................., ઉ.વ.આ. ...., ધંધો ......., રહે. .......................................

જેઓને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "તમો" "બીજી તરફ વાળા" અગર "વેચાણ રાખનાર", એ રીતે સંબોધવામાં આવેલ છે, જેનાં અર્થમાં સદરહુ "વેચાણ રાખનાર" તથા તેમના વંશવાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, એકઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જત આ વેચાણ દસ્તાવેજથી લખીએ છીએ કે ::-

A. K. CONSTRUCTION.
PARTNER.

(એ) ***મીલ્કતની ટાઇટલની વિગત ::-***

**અક્ષર રેસીડેન્સી-૧ ની વિગત :-**

/૧/ શ્રી ગુજરાત રાજયના જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકાના શહેર જૂનાગઢ મહાનગરપાલીકા હદમાં ટીબાવાડી વિસ્તારના રેવન્યુ સરવે નંબર-૫૯ ની ખેતીની જમીનના મુળ માલીક શ્રી ડાયાભાઈ ભાણાભાઈ હતા. ત્યારબાદ ડાયાભાઈ ભાણાભાઈનું અવસાન થતા તેના વારસદાર પુત્રો :૧: બેચરભાઈ ડાયાભાઈ તથા :૨: દેવરાજભાઈ ડાયાભાઈને સદરહું જમીન વારસાઈથી પ્રાપ્ત થયેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે હકકપત્રક નંબર-૬ માં નોંધ નંબર-૧૮ થી દાખલ કરવામાં આવેલ.

/૨/ ત્યારબાદ ઉપરોકત વિગતેની ખેતીની જમીન પૈકી એકર ૬-૦૭ ગુંઠાની જમીન શ્રી આંબાભાઈ વાઘાભાઈએ તે જમીનના માલીક શ્રી બેચર તથા દેવરાજ ડાયા પાસેથી ર.દ.નં. ૩૧૪ તા. ૩૦-૩-૧૯૫૧ થી વેચાણ રાખેલ. તેમજ રેવન્યુ સર્વે નંબર-૫૯ પૈકીની જમીન એકર ૬-૦૬ ગુંઠા જમીન શ્રી ચનાભાઈ નાનજીભાઈએ તે જમીનના માલીકો શ્રી બેચર તથા દેવરાજ ડાયા પાસેથી ર.દ.નં. ૨૯૧ તા. ૨૦-૩-૧૯૫૧ થી વેચાણ રાખેલ. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે હકકપત્રક નંબર-૬ માં નોંધ નંબર-૬૦ તા. ૮-૭-૧૯૫૧ થી ચડી ગયેલ છે.

/૩/ ત્યારબાદ ટીબાવાડી ગામના ખાતેદાર શ્રી ચનાભાઈ નાનજીભાઈ તથા આંબા વાઘાના નામે સંયુકત ખાતુ ચાલતું હતુ તેની ઘરમેળે સમજુતીથી વહેંચણી કરતા સર્વે નંબર-૫૯ પૈકીની જમીન એકર ૬-૦૬ ગુંઠા જમીન શ્રી ચનાભાઈ નાનજીભાઈના હિસ્સામાં આવેલ તેમજ સર્વે નંબર-૫૯ પૈકીની જમીન એકર ૬-૦૭

ગુંઠા જમીન શ્રી આંબાભાઈ વાઘાભાઈના હિસ્સામાં આવેલ. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે હકકપત્રક નંબર-૬ માં નોંધ નંબર-૧૫૧ તા. ૪-૧૦-૧૯૬૦ ના રોજથી થયેલ છે.

/૪/ ત્યારબાદ ઉપરોકત વિગતેના નોંધ નંબર-૧૫૧ ના કબ્જેદાર શ્રી ચનાભાઈ નાનજીભાઈએ પોતાની જમીન સર્વે નંબર-૫૯ પૈકીની જમીન એકર ૬-૦૬ ગુંઠાની જમીન શ્રી અરજણભાઈ હરીભાઈને વેચાણ આપેલ. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે હકકપત્રક નંબર-૬ માં નોંધ નંબર-૧૫૩ તા. ૪-૧૦-૧૯૬૦ ના રોજથી થયેલ છે.

/૫/ ટીબાવાડીના સર્વે નંબર-૫૯/૧ ની શ્રી અરજણભાઈ હરીભાઈની જમીન પૈકી એકર ૦-૦૨ ગુંઠા તથા સર્વે નંબર-૫૯/૨ પૈકીની શ્રી આંબાભાઈ વાઘાભાઈની જમીન એકર ૦-૦૨ ગુંઠા જમીન રોડમાં કપાત થતા ખાસ જમીન સંપાદન અધિકારી સાહેબ જુનાગઢના હુકમ નં. જ.પ્રા.કેશ ૩૫/૮૦ તા. ૧૩-૧-૧૯૮૬ ના હુકમ મુજબ રોડમાં કપાત થયેલ. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે હકકપત્રક નંબર-૬ માં નોંધ નંબર-૧૧૨૬ તા. ૨-૩-૧૯૮૯ ના રોજથી ચડી ગયેલ છે.

/૬/ ત્યારબાદ ટીબાવાડી ગામે સર્વે નંબર-૫૯ પૈકી રેવન્યુ રેકર્ડના ૭/૧૨ મુજબ એકર ૬-૦૭ ગુંઠા જમીન શ્રી આંબાભાઈ વાઘાભાઈના નામે આવેલ તથા સર્વે નંબર-૫૯ પૈકીની એકર ૬-૦૬ ગુંઠા જમીન અરજણભાઈ હરીભાઈના નામે આવેલ સદરહું બન્ને જમીનની કબ્જા મુજબ માપણી કરાવતા આંબાભાઈ વાઘાભાઈના નામે સર્વે નંબર-૫૯ પૈકીની જમીન એકર ૬-૦૧ ગુંઠા જમીન તથા અરજણભાઈ હરીભાઈના નામે સર્વે નંબર-૫૯ પૈકીની જમીન એકર ૬-૧૧ ગુંઠા જમીન આવેલ જે અંગેની નોંધ રેવન્યુ દફતરે હકકપત્રક નંબર-૬ માં નોંધ નંબર-૧૩૦૮ તા. ૧૮-૪-૧૯૯૦ થી ચડી ગયેલ.

A. K. CONSTRUCTION PARTNER

/૭/ ત્યારબાદ શ્રી અરજણભાઇ હરીભાઇના નામે આવેલ ઉપરોકત ખેતીની જમીનમાંથી તેઓનું તેઓની હૈયાતીમાં નામ કમી કરી તેમના વારસદારો લક્ષ્મીદાસ તથા દિનકરરાય તથા જયંતીલાલ તથા ઈલાબેન તથા કડવીબેન અરજણભાઈ પબાણીના સંયુકત નામે અરજ કરતા આ અગેની નોંધ રેવન્યુ દફતરે નોંધ નંબર-૨૯૫૯ તા. ૨૧-૫-૯૩ ના રોજથી થયેલ છે. ત્યારદબા ટીબાવાડી ગામે સર્વે નંબર-૫૯ ના ખાતેદારો લક્ષ્મીદાસ તથા દિનકરરાય તથા જયંતીલાલ તથા ઈલાબેન તથા કડવીબેન અરજણભાઈ પબાણીના સંયુકત નામે સર્વે નંબર-૫૯ પૈકીની જમીન એકર ૬-૧૧ ગુંઠા જમીનના ખેડખાતામાંથી ઈલાબેન તથા કડવીબેન અરજણએ તેઓનો હકક હિસ્સો લક્ષ્મીદાસ તથા દિનકરરાય તથા જયંતીલાલ અરજણની તરફેણમાં ઉઠાવી લીધાની કબુલાત આપતા તે અંગેની નોંધ રેવન્યુ દફતરે હકકપત્રક નંબર-૬ માં નોંધ નંબર-૪૭૦૫ તા. ૩-૫-૧૯૯૮ થી કરવામાં આવેલ.

Scanned by CamScanner